| GJBK120008232022 | કેસ દાખલ તારીખ : ૧૪–૧૧–૨૦૨૨ |
| --- | --- |
| | કેસ રજુ તારીખ : ૧૪–૧૧–૨૦૨૨ |
| | કેસ ફેંસલ તારીખ : ૨૪–૦૧–૨૦૨૪ |
| | અવધિ : વર્ષ.૦૧.માસ.૦૨..દિવસ.૧૦. |
| | |

**આંક–૧૬**

---

**અમીરગઢના મહેરબાન જ્યુડીશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**મુકામ – અમીરગઢ.**

---

**ક્રિમી.પર.અરજ નં. ૫૩/૨૦૨૨**

**અરજદાર** :– (૧) મંજુબેન ડો/ઓ. વેલાભાઈ સોનાભાઈ ડામોર,
વા/ઓ. લાલાભાઈ હીરાભાઈ દાંમા,
ઉ.વ.આ.૨૩, ધંધો : કંઈ નહી.

(૨) ધવલભાઈ સ/ઓ. લાલાભાઈ હીરાભાઈ દાંમા,
ઉ.વ.આ.૦૨, ધંધો : કંઈ નહી

બંને હાલ રહે. રબારીયા, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા.

(અરજદાર નં.૧ જાતે તથા અરજદાર નં.૨ વાળા સગીર હોઈ અને તેઓ હાલમાં અરજદાર નં.૧ ના વાલીપણામાં હોઈ તેના કુદરતી વાલી અને ઈષ્ટમિત્ર તરીકે)

**વિ રૂ ધ્ધ**

**સામાવાળા**:– લાલાભાઈ હીરાભાઈ દામાં,
ઉ.વ. પુખ્તવય, ધંધો : ખેતી/મજુરી,
રહે. રામપુરા (વડલા), સરવા નદીના પુલના છેડે,
તા.અમીરગઢ, જી.બનાસકાંઠા.

**અ ર જ** :– ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ (ડોમેસ્ટીક વાયોલેશન એકટ) કાયદાની કલમ–૧૨ હેઠળ રક્ષણ મળવા બાબત....

---------------------------------------------

અરજદાર પક્ષે : વિ.વકીલ શ્રી જે.આર.જોષી

સામાવાળા પક્ષે : વિ.વકીલ શ્રી કે.વી.રાજપૂત.

---------------------------------------------

**-:: ચુ કા દો ::-**

૧. આ કામના અરજદાર મંજુબેન ડો/ઓ. વેલાભાઈ સોનાભાઈ ડામોર ધ્વારા સામાવાળા વિરૂધ્ધ કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો ૨૦૦૫ ની કલમ-૧૨ હેઠળ રક્ષણ મળવા બાબતની હાલની અરજી કરેલ છે.

૨. અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારના લગ્ન સામાવાળા સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધી અનુસાર તથા સમાજના રીત-રીવાજ મુજબ મોજે રામપુરા (વડલા), તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા ખાતે થયેલા છે. અરજદારનું પિયર મોજે રબારીયા, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા મુકામે છે. અરજદારના લગ્ન પ્રસંગે અરજદારના માતા-પિતાએ આશરે રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર) થી પણ વધુ ખર્ચ કરેલ. અરજદાર સામાવાળાના કાયદેસરના પત્નિ છે. અરજદાર સાસરે રામપુરા (વડલા) મુકામે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા હતા ત્યાં અરજદારને શરૂઆતમાં સારી રીતે રાખેલા. લગ્નના છ મહિના બાદ અરજદારને સામાવાળા દારૂ પીવાની ટેવવાળા હોવાથી દારૂ પીને આવતા અને અરજદાર ઉપર વહેમ રાખી માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા અને મારઝુડ કરતા હતા પરંતુ અરજદાર ઘરસંસાર બગાડવા માંગતા ન હોઈ ચુપચાપ મુંગા મોઢે ત્રાસ સહન કરતા હતા. અરજદાર મારના ડરના કારણે પિયર આવી જતા હતા અને અરજદારને માતા-પિતા અનેક વખત સમાધાન કરીને સાસરી મોકલતા હતા. અરજદાર ગર્ભવતી બનેલ અને અરજદાર નં.૨ ધવલનો જન્મ થયેલ. તા.૩-૧૧-૨૦૨૨ ના રોજ સામાવાળા દારૂ પીને આવેલા અને વાંસની લાકડી વખતે સખત માર મારેલ હતો અને જમણા હાથે લાકડી વડે માર મારતા ફેકચર થયેલ છે તેમજ માથામાં કપાળના ભાગે લાકડી વડે માર મારી ઈજા કરેલ હતી જેથી પાલનપુર ખાતે બનાસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પીટલ પાલનપુર ખાતે સારવાર કરાવેલ.

સામાવાળાને રામપુરા મુકામે પાકુ મકાન આવેલ છે અને આશરે ચાર વીઘા જેટલી ખેતીની જમીન આવેલી છે, ખેતીના ધંધામાંથી આશરે વાર્ષિક રૂા.૪,૦૦,૦૦૦/- જેટલી આવક મેળવે છે અને સામાવાળા પાસે બે ભેસ તથા એક ગાય છે જેનું દુધ ડેરીમાં ભરાવી મહીને રૂા.૨૦,૦૦૦/- આવક મેળવે છે. અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી. અરજદારને કોઈ સ્વતંત્ર આવકના સાધનો નથી અને અરજદાર જાતે કમાઈને તેઓનું તથા સંતાનનું ભરણપોષણ કરવા શકિતમાન નથી. જેથી હાલની અરજી કરી અરજદારને દરે મહિને રૂા.૧૦,૦૦૦/- તથા અરજદાર નં.૨ વાળાને રૂા.૫૦૦૦/- લેખે કુલ રૂા.૧૫,૦૦૦/-સામાવાળાના જીવનધોરણ મુજબ જરૂરીયાત છે. જે રકમ સામાવાળા સહેલાઈથી ચુકવી શકે તેમ છે. સામાવાળાને અરજદાર સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. સામાવાળાની કાનુની, નૈતિક અને સામાજીક જવાબદારી હોવા છતાં અરજદારની રહેઠાણ માટેની કોઈપણ જાતની વ્યવસ્થા સામાવાળાએ કરેલ નથી. જેથી હાલની અરજી કરી એવી દાદ માંગેલ છે કે, સામાવાળા કલમ-૧૮ હેઠળ અરજદારને સામાવાળા કોઈ શારીરિક કે માનસિક ત્રાસ આપે નહી તે માટે રક્ષણનો હુકમ કરવા તથા કલમ ૧૯ હેઠળ અરજદારને સામાવાળા પાસેથી રહેણાંકનું મકાન અપાવવા અથવા દરમાસે મકાન ભાડા પેટે રૂા.૩૦૦૦/- ચુકવી આપે તેવો હુકમ કરવા તથા કલમ-૨૦ હેઠળ અરજદારને માસિક રૂા.૧૫,૦૦૦/- ભરણપોષણ પેટે ચુકવી આપે તેવો હુકમ કરવા તથા કલમ-૨૨ હેઠળ અરજદારને સામાવાળાએ આપેલ માનસિક અને શારીરિક ત્રાસ બદલ રૂા.૨૦,૦૦૦/- અપાવવા તથા કલમ-૨૩(૧) હેઠળ આ અરજીનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી વચગાળાના ભરણપોષણ પેટે દર માસે અરજદાર નં.૧ ને માસિક રૂા.૫૦૦૦/- તથા અરજદાર નં.૨ ને માસિક રૂા.૩૦૦૦/-લેખે અપાવવા અરજ કરેલ છે.

૩. સદર અરજી દાખલ થતાં સામાવાળાને નોટીસ કરવામાં આવતાં સામાવાળા તરફે આંક.૦૯ થી જવાબ રજુ કરેલ છે તેમાં તેઓએ અરજદારની અરજીનો મોટા ભાગની હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે સામાવાળા છુટક મજુરી

કરે છે અને ગુજરાન ચલાવે છે. સામાવાળાના પિતાને બાઈક અકસ્માત થયેલ હોઈ અને ઓપરેશન કરી પ્લેટ નાંખેલ હોઈ જેઓ લાકડીના ટેકાથી ચાલી શકે છે, કોઈ કામ કરી શકતા નથી જેથી તેઓની દવા અને સારસંભાળની સામાવાળા ઉપર જવાબદારી છે. સામાવાળાને કોઈ જમીન નથી. અરજદારને સામાવાળા રાખવા માગે છે પરંતુ અરજદાર સાથે રહેવા માગતા નથી અને પહેલાં પણ પોતાની રીતે મનફાવે તેમ કોઈને કહ્યા વગર પીયર જતા રહેતા હતા અને પોતાની રીતે જ આવતા હતા. તેઓ ઘરકામમાં પણ ધ્યાન આપતા નહી. સામાવાળા બાઈક ઉપરથી પડી ગયેલ ત્યારે અરજદાર સામાવાળાને બોલાવવા આવેલ અને પછી જતા રહેલા. સામાવાળાના પિતાને માત્ર પતરાવાળુ મકાન આવેલ છે. ધવલના જન્મ સમયે સામાવાળાની બેન નીતાબેન અને દલપતભાઈ સુવાવડનો સામાન લઈને રબારીયા ગયેલ હતા અને સુવાવડનો ખર્ચ પણ આપેલ હતો. અરજદાર પણ તેઓના પિતાના ઘરે ખેતીનું કામ કરાવે છે. અરજદાર સામાવાળાની સાથે રહેવા માંગતા ન હોઈ હાલની ખોટી અરજી કરેલ છે. જેથી અરજદારની અરજી ખર્ચ સહિત કાઢી નાખવા અરજ કરેલ છે.

૪. ત્યારબાદ સદરહું અરજીના કામે અરજદાર તરફે નીચે મુજબ મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | –:: મૌખિક/દસ્તાવેજી પુરાવો ::– | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર મંજુબેન ડો/ઓ. વેલાભાઈ સોનાભાઈ ડામોરનું પુરાવાનું સોગંદનામું, | ૧૧ |

૫. આ કામે અરજદાર તરફે આંક.૧૨ થી પુરાવાબંધની પુરસીસ રજુ થયેલ છે.

૬. ત્યારબાદ સદર કામ સામાવાળાના પુરાવા ઉપર રાખવામાં આવેલ પરંતુ સામાવાળા તરફથી કોઈ પુરાવો રજુ ના થતાં અરજદારના વિ.વ.શ્રી દ્વારા આંક.૧૫ થી સામાવાળાનો પુરાવાનો હકક બંધ કરવાની અરજી રજુ થતાં જે મંજુર કરવામાં આવેલ. ત્યારબાદ સદર અરજીના કામે અરજદાર તથા સામાવાળાના ના વિ.વકીલશ્રી દવારા કરેલ મૌખિક દલીલો સાંભળી.

૭. સદરહું અરજીના કામે અરજદારની અરજી, મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, સદરહું અરજીના ન્યાયી–નિર્ણય માટે અત્રેની અદાલત સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

**–//(મુ દ્દા ઓ))//–**

(૧) શું અરજદાર પુરવાર કરે છે કે, તેમના પર સામાવાળા દ્વારા ઘરેલું હિંસા (કલમ–૩) આચરવામાં આવેલી છે ?

(૨) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ અરજીમાં જણાવ્યા પ્રમાણે તમામ સામાવાળા વિરૂધ્ધ રક્ષણનો હુકમ (કલમ–૧૮ મુજબ) મેળવવા હકકદાર છે? જો હા, તો કેવા પ્રકારનું રક્ષણ?

(૩) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ રહેઠાણ અથવા તેના વિકલ્પે ભાડું (કલમ–૧૯ મુજબ) મેળવવા હકકદાર છે ? જો હા, તો કેવા પ્રકારનું રહેઠાણ અથવા કેટલુ ભાડુ ?

(૪) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા પ્રમાણે (કલમ–૨૦ મુજબ) ભરણપોષણ મેળવવા હકકદાર છે ? જો હા, તો માસિક કેટલું અને કયારથી ?

(૫) શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા પ્રમાણે (કલમ–૨૨ મુજબ) શારીરિક અને માનસિક ત્રાસ પેટે વળતર મેળવવા હકકદાર છે ? જો હા, તો કેટલું ?

(૬) શું હુકમ ?

૮. ઉપરોકત મુદ્દાઓ અન્વયેના મારા ન્યાયિક–નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) હકારમાં,

(૨) નકારમાં,

(૩) અંશત: હકારમાં, મકાન ભાડા પેટે રૂા.૧૦૦૦/–.

(૪) અંશત: હકારમાં, અરજી કર્યા તારીખથી અરજદાર નં.૧ને માસિક રૂા.૩,૦૦૦/– તથા અરજદાર નં.ર ને રૂા.૫૦૦/–

(૫) નકારમાં,

(૬) આખરી હુકમ મુજબ.

ઉપરોકત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છે.

**–// (( કા ર ણો )) //–**

**મુદ્દા નં. ૧** :–

૯. ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંતો મુજબ તથા કૌટુંબિક હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતો કાયદો–ર૦૦૫ નો કાયદો ઘડવા પાછળના ઉદ્દેશો અને કારણો ધ્યાને લેતાં, ઘરેલું હિંસાનો ભોગ બનનાર સ્ત્રીઓ તથા તેઓના આશ્રિતોને રક્ષણ આપવાનો સામાજિક–ન્યાયી ઉદ્દેશ છે. જેથી કૌટુંબિક હિંસાખોરીથી સ્ત્રીઓને રક્ષણ આપતા કાયદા અન્વયેની અરજીને અત્યંત ટેકનીકલી ન જોતાં અને સાબિતીના બોજાને ચુસ્તપણે વળગી ન રહેતાં પુરાવાનું ઉમદા અર્થઘટન કરવું જોઈએ. અરજદારે આંક–૧૧ થી પુરાવાનું સોગંદનામું રજુ કરી જણાવેલ છે કે, અરજદારના લગ્ન સામાવાળા સાથે હિન્દુ શાસ્ત્રોકત વિધી અનુસાર તથા સમાજના રીત–રીવાજ મુજબ મોજે રામપુરા (વડલા), તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા ખાતે થયેલા છે. અરજદારનું પિયર મોજે રબારીયા, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા મુકામે છે. અરજદારના લગ્ન પ્રસંગે અરજદારના માતા–પિતાએ આશરે રૂા.૫૦,૦૦૦/– (પચાસ હજાર) થી પણ વધુ ખર્ચ કરેલ. અરજદાર સામાવાળાના કાયદેસરના પત્નિ છે. અરજદાર સાસરે રામપુરા (વડલા) મુકામે સંયુકત કુટુંબમાં રહેવા ગયેલા હતા ત્યાં અરજદારને શરૂઆતમાં સારી રીતે રાખેલા. લગ્નના છ મહિના બાદ અરજદારને સામાવાળા દારૂ પીવાની ટેવવાળા હોવાથી દારૂ પીને આવતા અને અરજદાર ઉપર વહેમ રાખી માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા અને મારઝુડ કરતા હતા પરંતુ અરજદાર ઘરસંસાર બગાડવા માંગતા ન હોઈ ચુપચાપ મુંગા મોઢે ત્રાસ સહન કરતા હતા. અરજદાર

મારના ડરના કારણે પિયર આવી જતા હતા અને અરજદારને માતા–પિતા અનેક વખત સમાધાન કરીને સાસરી મોકલતા હતા. અરજદાર ગર્ભવતી બનેલ અને અરજદાર નં.૨ ધવલનો જન્મ થયેલ. તા.૩–૧૧–૨૦૨૨ ના રોજ સામાવાળા દારૂ પીને આવેલા અને વાંસની લાકડી વખતે સખત માર મારેલ હતો અને જમણા હાથે લાકડી વડે માર મારતા ફ્રેકચર થયેલ છે તમેજ માથામાં કપાળના ભાગે લાકડી વડે માર મારી ઈજા કરેલ હતી જેથી પાલનપુર ખાતે બનાસ મેડીકલ કોલેજ અને જનરલ હોસ્પીટલ પાલનપુર ખાતે સારવાર કરાવેલ. સામાવાળાને રામપુરા મુકામે પાકુ મકાન આવેલ છે અને આશરે ચાર વીઘા જેટલી ખેતીની જમીન આવેલી છે, ખેતીના ધંધામાંથી આશરે વાર્ષિક રૂા.૪,૦૦,૦૦૦/– જેટલી આવક મેળવે છે અને સામાવાળા પાસે બે ભેસ તથા એક ગાય છે જેનું દુધ ડેરીમાં ભરાવી મહીને રૂા.૨૦,૦૦૦/– આવક મેળવે છે. અરજદાર કોઈ હુન્નર ઉદ્યોગ જાણતા નથી. અરજદારને કોઈ સ્વતંત્ર આવકના સાધનો નથી અને અરજદાર જાતે કમાઈને તેઓનું તથા સંતાનનું ભરણપોષણ કરવા શકિતમાન નથી. જેથી હાલની અરજી કરી અરજદારને દરે મહિને રૂા.૧૦,૦૦૦/– તથા અરજદાર નં.૨ વાળાને રૂા.૫૦૦૦/– લેખે કુલ રૂા.૧૫,૦૦૦/–સામાવાળાના જીવનધોરણ મુજબ જરૂરીયાત છે. જે રકમ સામાવાળા સહેલાઈથી ચુકવી શકે તેમ છે. સામાવાળાને અરજદાર સિવાય અન્ય કોઈના ભરણપોષણની જવાબદારી નથી. સામાવાળાની કાનુની, નૈતિક અને સામાજીક જવાબદારી હોવા છતાં અરજદારની રહેઠાણ માટેની કોઈપણ જાતની વ્યવસ્થા સામાવાળાએ કરેલ નથી.

અરજદારની સામાવાળા વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ લેવામાં આવેલ છે તેમાં અરજદારે કબુલ રાખેલ છે કે અરજદાર રબારીયા મુકામે હાલમાં રહે છે અને ખેતમજુરી કરે છે, અરજદારના પિતાને ખેતીની જમીનમાં એક ખેતર આવેલ છે અને ઢોરઢાંખર છે, આધારકાર્ડ અને ચુંટણીકાર્ડ અરજી કર્યા પછી આપેલ છે, અરજદારના સસરાને પગનું ઓપરેશન કરેલ હોઈ લાકડીના ટેકાથી ચાલે છે, અરજદારના પતિ લાલભાઈ હિરાભાઈ હોટલમાં છુટક મજુરી માટે જાય છે, અરજદારના પુત્રનો જન્મ રબારીયા મુકામે થયેલો અને તેનો જન્મ નોર્મલ ડીલીવરીથી થયેલો, તેણીના સમાજમાં દહેજ આપવાનો કોઈ

રીવાજ નથી, તેઓના પતિની આવક દર્શાવવા કોઈ લેખિત આધાર પુરાવા તથા તેઓના સસરાની જમીન બાબતે અને ઢોરઢાંખર હોવાના કોઈ લેખિત પુરાવા આ કામે રજુ કરેલ નથી. આમ, અરજદારને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હોવાની હકીકત સ્પષ્ટ થાય છે. આમ, સામાવાળા ધ્વારા અરજદારનો કોઈપણ કારણ સિવાય ત્યાગ કરવામાં આવેલ છે. જેથી તે માનસિક ત્રાસ ગણી શકાય તેવું આ અદાલતનું અતિ નમ્ર પણે માનવું છે.

**<u>આ સંબંધે કલમ–૩ કૌટુંમ્બીક હિંસાખોરીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે.</u>**

'' આ કાયદાના હેતુ માટે, પ્રતિવાદીનું આવુ કોઈપણ કૃત્ય કાર્યલોપ અથવા આચરણ અથવા વર્તન કૌટુંબિક હિંસા ગણાશે કે, જે (એ) વ્યથિત વ્યકિત ને શારિરીક કે, **<u>માનસિક રીતે ઈજા કે, હાનિ</u>** અથવા આરોગ્ય, સલામતી, જીંદગી, અંગ કે, સુખાધિકારને ભયમાં મૂકે અથવા તે મુજબ કરવા દોરી જતાં હોય અને તેમાં શારિરીક દુર્વ્યવહાર, જાતીય દુર્વ્યવહાર, મૌખિક રીતે અને લખાણ સાથે દુર્વ્યવહાર, આર્થિક દુર્વ્યવહાર કરવાનો સમાવેશ થાય છે, અથવા (બી) તેણીને અથવા તેની સાથે સંબંધિત કોઈપણ વ્યકિતને દહેજ અથવા બીજી મિલકત અથવા કિંમતી જામીનગીરી અંગેની ગેરકાયદેસર માંગણીના તાબે થવા માટે તેણીને અથવા તેણીના સંબંધી સાથે બળજબરી કરવાનો ઈરાદો વ્યથિત વ્યકિતને ત્રાસ આપી, હાનિ–ઈજા કરી અથવા ભય પમાડે અથવા (સી) કલોઝ (એ) તથા (બી) માં દર્શાવ્યા મુજબની કોઈપણ વર્તણૂંક ધ્વારા વ્યથિત વ્યકિતને અને તેણીની સાથે સંબંધિત કોઈપણ વ્યકિત ઉપર ધમકીની અસર બાદ કરી, અથવા (ડી) વ્યથિત વ્યકિતને શારિરીક કે, માનસિક ઈજા કે,હાનિ પહોંચાડે તેવી કોઈપણ બાબત. ''

૧૦. આમ, ઉપરોકત વ્યાખ્યા ધ્યાને લેતાં, અરજદારનો કોઈપણ કારણ વગર સામાવાળાએ ત્યાગ કરેલ હોય અને તેણી તેના પિતાના ઘરે રહેતી હોય કલમ–૩(૧) ની સમજુતી (૩)(એ) ધ્યાને લેતાં અપમાન, ધિકકાર, અવગણના, તેનો સમાવેશ કૌટુંબિક હિંસાખોરીની વ્યાખ્યામાં થાય છે. તેથી સામાવાળા ધ્વારા કૌટુંમ્બીક

હિંસાખોરી આચરવામાં આવેલ છે તેવું આ અદાલતનું અતિ નમ્રપણે માનવું છે. આમ, ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં ઠરાવું છું.

**<u>મુદ્દા નં. ૨</u> :-**

૧૧. કલમ-૧૮ માં જણાવ્યા મુજબ મેજિસ્ટ્રેટને કૌટુંબિક હિંસાખોરી થઈ હોવાનું પ્રથમ દ્રષ્ટિએ સંતોષ થાય તો પછી વ્યથિત વ્યકિતની તરફેણમાં પ્રોટેકશનનો હુકમ કરી શકે છે. અરજદારની જુબાની ધ્યાને લેતાં સામાવાળા ધ્વારા અરજદારનો સ્વૈચ્છિક રીતે ત્યાગ કરવામાં આવેલ છે તે સ્પષ્ટપણે જણાવેલ છે અને અવગણના કરવામાં આવેલ છે તેમ સ્પષ્ટપણે જણાય આવે છે, પરંતુ આ કામે અરજદારે તેઓની હાલની અરજીમાં સામાવાળા રામપુરા (વડલા), સરવા નદીના પુલના છેડે, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા મુકામે રહે છે અને અરજદાર રબારીયા, તા.અમીરગઢ, જિ.બનાસકાંઠા મુકામે રહે છે જે અરજદાર તેમના પિતાના ઘેર પિયરમાં રહે છે. જેથી સામાવાળા અરજદારને હેરાન પરેશાન કરતા હોવાની હકીકત માની શકાય તેમ છે. પરંતુ આ કામે અરજદારે તેઓની અરજી કે પુરાવાના સોગંદનામામાં હાલના બનાવ બાદ સામાવાળાએ અરજદારને કોઈ રીતે હેરાન પરેશાન કરેલ હોય કે તે બાબતે અરજદારે કોઈ પોલીસમાં જાણ કરેલ હોય કે અન્ય કોઈ રીતે ફરીયાદ કરેલ હોય તેવી કોઈ જ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આમ, ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નં. ૨ નો જવાબ નકારમાં આપુ છું.

**<u>મુદ્દા નં. ૩</u> :-**

૧૨. કલમ-૧૯માં જણાવ્યા મુજબની પેટા કલમ-૧ હેઠળની અરજીનો નિકાલ કરતી વેળાએ મેજિસ્ટ્રેટને સંતોષ થાય કે, કૌટુંબિક હિંસા બની છે તો તે રહેઠાણનો હુકમ કરી શકશે. અરજદારે તેમની જુબાનીમાં જણાવેલ છે કે સામાવાળાએ તેમનો ત્યાગ કરતાં અરજદાર હાલમાં તેઓના પિતાના ઘરે રહે છે. પરંતુ અરજદાર સામાવાળા નં.૧ ની પત્ની છે અને સામાવાળાના મોભા અનુસાર અરજદારને રહેણાંકના મકાનની સગવડ મળવી

જોઈએ. જેથી અરજદારને મકાન ભાડા પેટે માસિક રૂા.૧૦૦૦/– અપાવવું યોગ્ય જણાય છે. આમ, ઉપરોકત ચર્ચાને આધીન મુદ્દા નં.૩ નો જવાબ અંશત: હકારમાં ઠરાવું છું.

**મુદ્દા નં. ૪ :–**

૧૩. કલમ–૨૦ ઘ્યાને લેતાં, કલમ–૧૨ ની પેટા કલમ–૧ હેઠળની અરજીનો નિકાલ કરતી વખતે મેજિસ્ટ્રેટ વ્યથિત વ્યકિતને અને તેના બાળકોને કૌટુંબિંક હિંસાના પરિણામે ભોગવવું પડેલ નુકસાન અને ખર્ચને પહોંચી વળવા માટે નાણાંકીય સહાય ચૂકવી આપવા સામાવાળાને આદેશ આપી શકશે. વધુમાં અરજદારની જુબાની ઘ્યાને લેતાં સામાવાળાએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ છે તેમ અત્રેની અદાલતનું અતિ નમ્ર પણે માનવુ છે, પરંતુ અરજદારે ભરણપોષણ પેટે સામાવાળા પાસેથી માસિક રૂા.૧૫,૦૦૦/–ની માંગણી કરેલ છે. હવે આ બાબતે જોવામાં આવે તો અરજદારે તેણીની અરજીની સાથે તેમજ સોગંદનામામાં સામાવાળા સાધન સંપન્ન અને સુખી માણસ છે. સામાવાળા નિરોગી છે તેમને કોઈ બીમારી નથી. તેઓ તંદુરસ્ત માણસ છે અને પશુપાલનનો ધંધો કરે છે અને અરજદારે સામાવાળા ઉપરોકત રીતે ખુબ જ મોટા પ્રમાણમાં આવક મેળવતા હોવાની હકીકત જણાવેલ છે, પરંતુ સામાવાળાની આવક બાબતે કોઈ ચોકકસ આધાર પુરાવા રજુ કરેલ નથી. હવે આ કામે સામાવાળાની આવક બાબતેની હકીકત ઘ્યાને લેવામાં આવે તો સામાવાળા ઘ્વારા કોઈ જ જવાબ રજુ કરેલ નથી કે પુરાવો આપેલ નથી. આમ, સામાવાળાએ અરજદાર સાથે ઘરેલુ હિંસા આચરેલ હોય જેથી તેમને સ્વેચ્છાએ અલગ રહેવુ પડેલ છે તે હકીકત માનવા પાત્ર જણાય છે. તેથી અરજદાર સામાવાળા પાસેથી ભરણપોષણ મેળવવા હકકદાર છે તેમ માનવા પાત્ર છે. અરજદાર જે સામાવાળાની કાયદેસરની પત્ની છે અને ભરણપોષણ કરવાની કાયદેસરની ફરજ હોય, અરજદાર સામાવાળા પાસેથી માસિક ભરણપોષણ મેળવવા હકકદાર બને છે તેવું આ અદાલતનું અતિ નમ્રપણે માનવુ છે. એટલું જ નહી, હાલના

અરજદાર નં.૧ પતિ વગર અને નં.ર વાળા પિતા વગર ઓશીયાળું જીવન જીવતા હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય તે સંજોગોમાં સામાવાળા અરજદારના કાયદેસરના પતિ થવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય ત્યારે સામાવાળાએ અરજદારોના ભરણપોષણ માટે આવક મેળવવી જોઈએ તે હકીકત પણ ધ્યાને લેવી જરૂરી છે. તે સંજોગોમાં અરજદારોને સામાવાળાના દરજ્જા મુજબનું ભરણપોષણ મળવું જોઈએ. તે સંજોગોમાં સામાવાળાની આવક તેમજ સામાવાળાના રહેણીકરણી મુજબ અરજદારને પણ ભરણપોષણ મળવું જોઈએ તેવું અતિ નમ્રપણે માનવું છે. હાલમાં મોઘવારી ખુબ જ પ્રમાણમાં વધેલ હોય અને અરજદાર હાલમાં પોતાના પિતાના ઘરે ઓશીયાળું જીવન ગુજારતા હોય તે સંજોગોમાં અરજદારનું ભરણપોષણ કરવા સારૂ પણ હાલના સામાવાળાએ કમાવવું જરૂરી છે. હાલના સમયે સામાવાળા સશકત હોય અને અરજદારનું ભરણપોષણ કરવાનું હોય તે સંજોગોમાં સામાવાળા જો દૈનિક મજુરીએ પણ જતા હોય તો આશરે દરરોજ રૂા.૫૦૦/– કમાતા હોવાનું માનવામાં આવે તો પણ સામાવાળાની માસિક રૂા.૧૫,૦૦૦/– જેટલી આવક મેળવતા હોવાની હકીકત માની શકાય તેમ છે અને તે મુજબ સામાવાળાની અંદાજીત માસિક આવક રૂા.૧૫,૦૦૦/– માનવી ન્યાયોચીત જણાય છે. તે સંજોગોમાં અરજદાર નં.૧ ને અરજી તારીખથી માસિક રૂા. ૩,૦૦૦/– તથા અરજદાર નં.ર ને રૂા.૫૦૦/– એમ બંને અરજદારોને માસિક રૂા.૩,૫૦૦/–ભરણ પોષણ તરીકે ચુકવવાનો હુકમ કરવો ન્યાયોચિત જણાય છે. આમ, કરેલ ચર્ચાને આધીન મુદ્દા નં. ૪ નો જવાબ અંશત: હકારમાં ઠરાવુ છું.

**<u>મુદ્દા નં.૫</u>** :–

૧૪. કૌટુંબીક હિંસાખોરીથી સ્ત્રીઓનું રક્ષણના કાયદાની કલમ–રર ધ્યાને લેતાં આ કાયદા હેઠળ ગ્રાહય રાખી શકાય તેવી બીજી રાહતો ઉપરાંત વ્યથિત વ્યકિત ધ્વારા કરેલ અરજી પર મેજિસ્ટ્રેટ પ્રતિવાદીને આદેશ આપી, વળતર અને ઈજાઓ બદલ નુકસાની વળતર ચૂકવવા હુકમ કરી શકશે. જેમાં માનસિક ત્રાસ અને લાગણીઓનો સંતાપ કે,

જે સામાવાળા દ્વારા આચરવામાં આવેલ કૌટુંબિક હિંસાના કારણે ઉપજેલ હોય તેનો સમાવેશ થાય છે. અરજદારે તેમની અરજીમાં સામાવાળાએ આપેલ માનસિક, શારીરિક ત્રાસ બદલ યોગ્ય અને વાજબી લાગે અને સમાજમાં દાખલો બેસે તેટલું વળતર અપાવવા અરજ કરેલ છે, પરંતુ સામાવાળાએ અરજદારને માનસિક તેમજ શારિરિક ત્રાસ આપેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ છે અને માનસિક ત્રાસની હકીકત માનવામાં આવેલ છે ત્યારે કલમ–રર ની જોગવાઈઓ મુજબ વળતર અને ઈજાઓ બદલ નુકસાની વળતર ચૂકવવા હુકમ કરી શકશે, પરંતુ અરજદાર તરફે હાલની અરજી થયા બાદ કે બનાવ વખતે કોઈ ઈજા થયેલ હોય અને તે અંગે મેડીકલ સારવાર લીધેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી કે ફકત ઘરકામ બાબતે નાની નાની વાતોમાં મહેણાં ટોણાં મારતા હોવાની માત્ર હકીકત રેકર્ડ ઉપર આવેલ હોય. તે સંજોગોમાં હાલની ચર્ચા કર્યા મુજબ અરજદારને વળતર ચુકવવા અંગેના કલમ–રર મુજબના આવશ્યક તત્વો સંતોષાતા નથી. જેથી મુદ્દા નં.પ નો જવાબ નકારમાં ઠરાવુ છું.

**<u>મુદ્દા નં. ૬ :</u>–**

૧પ. આમ, ઉપરોકત મુદ્દા નં.૧ થી ૬ માં કરેલ ચર્ચા પ્રમાણે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–::(( હુ ક મ))::–**

– અરજદારની અરજી ''અંશત: મંજુર'' કરવામાં આવે છે.

– સામાવાળા લાલાભાઈ હીરાભાઈ દાંમા(અરજદારના પતિ)નાંઓને આથી આદેશ કરવામાં આવે છે કે, તેમણે કલમ–ર૦ અન્વયે અરજદાર મંજુબેનને અરજી કર્યા તારીખથી માસિક રૂા.૩,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ હજાર પુરા) ભરણપોષણ પેટે નિયમિત ચઢયે ચઢયું ચુકવી આપવું.

- આ કામે સામાવાળાએ અરજી કર્યા તારીખથી અરજદાર નં.૨ ને માસિક રૂા.૫૦૦/– ભરણપોષણ પેટે નિયમિત ચઢયે ચઢયું ચુકવી આપવું.

- આ કામના સામાવાળા લાલાભાઈ હીરાભાઈ (અરજદારના પતિ)નાંઓને આથી એવો આદેશ કરવામાં આવે છે કે, તેમણે કલમ ૧૯ અન્વયે અરજદાર મંજુબેનને અરજી કર્યા તારીખથી માસિક રૂા.૧૦૦૦/–(અંકે રૂપિયા એક હજાર પુરા) ઘરભાડા પેટે નિયમિત ચડયે–ચડયુ ચુકવી આપવુ.

- આ કામના અરજદારને હાલની ઘરેલું હિંસા અન્વયેની અરજી સિવાય જો અન્ય કોઈ રીતે સામાવાળા તરફથી ભરણપોષણ પેટે રકમ ચુકવવામાં આવતી હોય તો હાલની ભરણપોષણની રકમ ચુકવતી વખતે મજરે આપવી.

- આ કામના સામાવાળાએ અરજીના ખર્ચના રૂા.૧૦૦૦/– અરજદારને અલગથી ચુકવી આપવા.

- આ કામે અરજદારે અરજીમાં માંગેલ ઉપરોકત બંને દાદ સિવાયની તમામ દાદ નામંજુર યાને રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

- કલમ–૨૪ અન્વયે સદરહું હુકમની એક નકલ વિના મુલ્યે આ કામના પક્ષકારો, પ્રોટેકશન ઓફીસરશ્રીને સદર હુકમના પાલન કરવા માટે પૂરી પાડવી.

આ ઠરાવ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

તા: **૨૪–૦૧–૨૦૨૪**
અમીરગઢ.

**( શૈલેષકુમાર ગણપતલાલ પરમાર )**
જયુ.મેજી. ફર્સ્ટ કલાસ,
અમીરગઢ
જીજે૦૧૧૪૬